

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ક્લીન પાલનપુર ગ્રીન પાલનપુર અંતર્ગત વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર ધ્વારા ડી.વાય.એસ.પી. ઓફિસ કમાલપુર પાલનપુર ખાતે ગૃહ રાજય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. મંત્રીશ્રીના હસ્તે ગુલમહોર, લીમડા અને વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે વિકાસપુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધક આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વતમાં સમગ્ર દેશમાં ઝડપભેર સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રી મોદીના શાસનમાં પર્યાવરણની જાળવણી માટે ખુબ સરસ પગલાં લેવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે આપણા ઘરની આજુબાજુ અને જયાં પડતર જગ્યા હોય ત્યાં વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને આપણા દેશને લીલોછમ્મ હરીયાળો બનાવીએ.

# મોડાસા ડબ્બા ટ્રેડિંગ કૌભાંડમાં વધુ બેની ધરપકડ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માર્કેટયાર્ડમાં ગેરકાયદેસર ચલાવતા ડબ્બા ટ્રેડિંગ કૌભાંડનો અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે પર્દાફાસ કર્યો હતો, અને ડબ્બા ટ્રેડિંગ કૌભાંડમાં ૩ શખ્સોની ધરપકડ કરી હતી. ત્યારબાદ આ કૌભાંડમાં સામેલ ૮ આરોપીઓને દબોચી લીધા હતા. થોડા સમય બાદ વધુ બે આરોપીઓની શુક્રવાર અને શનિવારના દિવસે અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ધરપકડ કરતાં ડબ્બો ટ્રેડિંગ કૌભાંડમાં ૧૦ શખ્સોની સંડોવણી બહાર આવવાની સાથે હજુ પણ અરવલ્લી જિલ્લાના મોટા માથાઓની સંડોવણી બહાર આવવાની શક્યતા જોવાઈ રહી છે.

અરવલ્લી જિલ્લામાં થોડા સમયના વિરામ બાદ ફરીથી ડબ્બા ટ્રેડિંગ કૌભાંડનું ભૂત ધૂણી રહ્યું છે.

મોડાસા શહેરના માર્કેટયાર્ડના પહેલા માળે ગેરકાયદેસર રીતે ચલાવાતુ ડબ્બા ટ્રેડિંગ અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ઝડપી લીધુ હતુ. જેમાં ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. એલસીબી પી.આઈ. પી.કે. પટેલ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવતા બીજા પાંચ વ્યક્તિઓના નામ ખુલતા તેઓને ઝડપી લઈ પૂછપરછ હાથ ધરી હતી. આ કૌભાંડમાં મળી આવેલ હિસાબોની બૂક કોર્ડવર્ડમાં હોવાથી અને કોલ ડીટેઈલના આધારે બાકીના આરોપીઓની ધરપકડ માટે નક્કર કાર્યવાહિ કરતાં શુક્રવારના રોજ ડબ્બા ટ્રેડિંગમાં સંડોવાયેલા સુરેન્દ્ર અરવિંદભાઈ ત્રિવેદી (રહે. પ્રમુખધામ ફ્લેટ, મોડાસા મૂળ લીંભોઈ)ની ધરપકડ કરી તપાસ હાથ ધરતાં આજે વધુ એક શખ્સની સંડોવણીમાં પરીકીન્સ રાજેન્દ્રકુમાર ઉપાધ્યાય (૫૭, ગુજરાત હા. સોસા. મોડાસા) નામ ખૂલતા તેની પણ ધરપકડ કરાઈ હતી.



ગેરકાયદેસર રીતે ડબ્બા ટ્રેડિંગમાં નાણાં રોકી સતત આ કૌભાંડમાં સામેલ બન્ને શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હજુ પણ આ કૌભાંડમાં જે મોટા માથાઓ અને અન્ય શખ્સો સંડોવાયેલા છે તેમનામાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસના પી.આઈ. પી.કે. પટેલે આ ડબ્બા ટ્રેડિંગના કૌભાંડમાં મુળ સુધી પહોંચવા સતત કાર્યવાહી હાથ ધરી કૌભાંડીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના પ્રજાજનો હવે આ કૌભાંડમાં કોના નામ ખુલે છે તે જાણવા આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે.

# મહેસાણાના બેચરાજી ખાતે ૧૮૪૬ બહેનોને સ્વરક્ષણ તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૧૦

સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે આર્યોદટ ટ્રસ્ટ ગાંધીનગ દ્વારા ૧૮૪૬ બહેનોને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજયના ગૃહ મંત્રી રજનીકાંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

રાજયમાં મહિલાઓ ઉપર વધી રહેલા અત્યાચારો સામે સમાજે ચિંતા વ્યકત કરી છે ત્યારે મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાની ૧૮૪૬ બહેનોને આર્યોદય ટ્રસ્ટ ગાંધીનગરે સ્વરક્ષણની પંદર દિવસીય તાલીમ આપી હતી. શિબિરમાં જોડાયેલ બહેનોને અલગ અલગ દાવ શિખવાડવામાં આવ્યા હતા. બહેનોને અચાનક કરવાતા હુમલામાં કેવી રીતે સામનો કરવો તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી.



ગૃહમંત્રી રજનીકાંતભાઈ પટેલે તાલીમાર્થી બહેનો દ્વારા બતાવવામાં આવેલ સ્વરક્ષણનું સામુહિક નિદર્શન નિહાળ્યા બાદ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે હવે બેચરાજી તાલુકાની બહેનો કે જેમને સ્વરક્ષણની કળાને હસ્તગત કરી છે તે સમાજમાં વિચરતા અસામાજિક તત્વો સામે પોતાનું રક્ષણ કરવા સક્ષમ બની છે તેમને ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના જીવન ચરિત્રની વાત કરતા દરેક દીકરીને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે બહેનો માટે શરુ કરવામાં આવેલ ૧૮૧ અને ૧૦૯૧ હેલ્પલાઈન અંગે પણ વાત કરી હતી. બેચરાજી તાલુકામાં સ્વરક્ષણ તાલીમના સફળ આયોજન બદલ તેમણે મહેસાણા જિલ્લા પોલીસ અને સહયોગી સંસ્થા અર્યોદય ચેરિટેબલ ટ્રસ્ટન પ્રમુખ કુ. કિલ્લોલ એસ. સાપરિયા, મહિલા સ્વરક્ષણ તાલીમના ટેકનિકલ ચેરપર્સન પટેલ પ્રીતિ હરજીવનભાઈ તથા તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં કરવામાં આવેલ નિદર્શનનું સફળ સંચાલન મહિલા સ્વરક્ષણ તાલીમના ટેકનિકલ ચેરપર્સન પટેલ પ્રીતિ હરજીવનભાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. બેચરાજી તાલુકામાં આપવામાં આવેલ સ્વરક્ષી તાલીમમાં પ્રશિક્ષિકા તરીકે બ્લેક બેલ્ટ એવા પ્રીતિ પટેલ, રીના ચૌધરી, કીંજરી બ્રહ્મભટ્ટ વગેરેનો સહયોગ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન અર્યોદય ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગરે કર્યું હતું.

## પ્રાંતિજ પાસે અજાણ્યા વાહનની ટકકરે ગાયને ગંભીર ઈજા

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ નજીક રોડ ક્રોસ કરી રહેલ ગાયને અજાણ્યા ભારે વાહન ચાલકે ટકકર મારતાં જીવદયા પ્રેમીઓ દ્વારા પ્રાથમિક સારવાર અપાવી પાંજરા પોળમાં મોકલી આપી.

પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ માંકડેશ્વર મહાદેવ મંદિર ચોકડી પાસે આવેલ રોડ ઉપર શરીરે ઈજાઓ અને પગે લોહીથી લતપત હાલતમાં ગાય પડેલી હતી ત્યારે ત્યાંથી પસાર થતા જીવદયા પ્રેમી અને પોંગલુ વેરાઈમાતા મંદિરના મહંત સુનીલદાસ મહારાજ તથા અન્ય જીવદયા પ્રેમીની મદદથી તેવોએ ગાયને મીનીલોડીંગ રીક્ષા કરી ગાયને રીક્ષામાં ચઢાવી પશુ ડોકટર જોડે સારવાર અપાયા બાદ તેને પ્રાંતિજ પાંજરા પોળમાં મુકવામાં આવી હતી ત્યારે શરીરે તથા પગે મોટી ઈજાઓ થતાં પગેથી નીચેનો ભાગ છુટો પડી ગયો હતો ત્યારે પશુ ડોકટર પી.જી. પટેલ, ડૉ. સંજયભાઈ તથા અન્ય ડોકટરોની સંયુકત ટીમ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# મેઘરજમાં વિદ્યાર્થી શાળાના ત્રીજા માળથી પટકાતા ગંભીર ઈજાઓ

મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમા આવેલ કુમાર શાળા નં.૧માં ધો-૮માં અભ્યાસ કરતો વિદ્યાર્થી શાળાના ત્રીજા માળથી પટકાતાં હાથના બે ટુકડા થઈ ગયા હતા. ગંભીર ઈજાઓ થતાં મેઘરજ-મોડાસા સારવાર અર્થે લઈ જવામાં આવેલ છે. વિદ્યાર્થી ત્રીજા માળેથી પટકાતાં શાળામાં તર્ક વિતર્કની નગરજનોમાં ચર્ચાએ જોર પકડેલ છે.

બનાવની વિગત મુજબ મેઘરજ નગરની અંદર આવેલ કુમાર શાળા નં.૧માં ધો-૮માં રેલ્યો ગામનો વિદ્યાર્થી સંજય મણીભાઈ રાવલ અભ્યાસ કરી રહ્યો હતો તે આજ રોજ બપોરના સમયે રિસેષના સમયે ત્રીજા માળના ધાબા ઉપરથી પટકાતાં સંજયને જમણા હાથે હાડકું ભાંગી જતા તેમજ બેભાન હાલતમાં પડેલ હતો. સમય જતાં વાત વાયુ વેગે નગરમાં ફેલાતા સંખ્યાબંધ નગરજનો સ્થળ ઉપર ઉમટી આવ્યા હતા અને રિક્ષા દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા જો કે વધુ ગંભીર હોઈ તેને તાકીદે મોડાસા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતો.

પ્રથમ દૃષ્ટિએ ઉલ્લેખનીય એ છે કે આ નગરની શાળામાં ધો-૧ થી૮ ચાલી રહ્યા છે જેમાં નવનિર્મિત નવિન મકાનો શાળામાં બનતા તેમાં હજુ કામ ચાલુ હોવા છતાં આ નવિન શાળાના ઓરડાઓમાં અભ્યાસ અર્થે બાળકોને ભણવા માટે બેસવાની વેકેશન બાદ શાળ ચાલુ થતાં પ્રવેશ આપેલ છે. શાળાના આ પકટાવાના બનાવ બનતાં નગરજનોએ ખુબ જ આક્રોશ દર્શાવ્યો હતો.

# જોખલ ગામે સામાન્ય બાબતે ટોળાએ યુવકને ઢીબી નાખ્યો

શિહોરી, તા. ૧૧

કાંકરેજ તાલુકાના જોખલ ગામે સમી સાંજે પાંચ થી વધુ લોકોના ટોળઆએ સામાન્ય બાબતે ગામના જ એક વ્યક્તિને ઢોર માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે થરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

થરા ગામ તરફથી ગતરોજ સાંજે તળસીભાઈ રાવળ પોતાનુ બાઈક લઈને જોખલમાં થઈ પોતાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન જાખોલ ગામે ધનજીભાઈ રાવળ, લાખાભાઈ રાવળ, વિરમભાઈ, કરશનભાઈ અને લાલાભાઈ સહિતના કેટલાક ગ્રામજનોએ ભેગા મળી તળસીભાઈ સાથે નજીવી બાબતે બોલાચાલી કરી હતી. મામલો બિચકતા ટોળાએ લાકડી તેમજ



(તસવીર : આશારામ રાવલ)

પાઈપો વડે ઢોર માર મારતા તળસીભાઈને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ટોળાએ મોબાઈલ અને ચાંદીની લકીની તળસીભાઈ પાસેથી લૂંટ કરી નાશી છુટ્યા હતા. આ સંદર્ભે થરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

## શબ્દાવલી - ૫૭૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ■ | ૭ | | |
| | ■ | ૮ | ૯ | ૧૦ | ■ | ■ | ■ |
| ૧૧ | ૧૨ | | | | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ■ | ■ | ૧૮ | | | ■ |
| | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. મોટીસળી, ઝાડની શાખાઓના નાના ટૂકડા (૪)
૩. સીમા, હદ, મર્યાદા (૩)
૬. પ્રવાહી, લીકવીડ (૨)
૭. બોલાચાલી, નાનો ઝગડો(૩)
૮. વગડો, નિર્જન (૩)
૧૧. ટળવળાવવું, ઝુરાવવું (૫)
૧૩. સફેદો કે બેલતેલની લુગદી (૨)
૧૫. પત્યુ જેવો ઉદ્ગાર (૨)
૧૬. થપાટ, લાફો (૩)
૧૭. હૃદય, છાતી (૨)
૧૮. ખેતર સુધારવા સારું તેમાં નંખાતા છાણ-કાંપ વગેરે પદાર્થ(૩)
૧૯. કુંભારની ભઠ્ઠી (૩)
૨૧. પવન, વાયુ (૨)
૨૩. સાથી, પ્રિતમ (૩)
૨૪. વગર કારણે, ખાલીખાલી(૩)

### ઊભી ચાવી

૧. સરકારી વિશ્રામગૃહ (૭)
૨. ઠોકર (૨)
૩. બેઠક, બેસવાની જગ્યા(૨)
૪. મહિનો, માહ (૨)
૫. બાલટી (૨)
૮. બાલટી (૨)
૯. સમય, ટાઇમ (૨)
૧૦. તાજુ, એકદમ નહોર (૨)
૧૨. ટશિયો, સેર (૩)
૧૩. પરવાહ વગરનું (૫)
૧૪. ચપોચપ, માપોમાપ (૨)
૧૮. એક કહેવત, ... ખોદે તે પડે (૨)
૧૯. પોતાના માટે, હું (૨)
૨૦. સોળે સાન વીસે... (૨)
૨૨. સુધીનું હિન્દી (૨)

### શબ્દાવલી ૫૭૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) છાનગપતિયા (૫) રામકથા (૭) ખાનદાન (૧૦) રામકથા (૭) ખાનદાન (૧૦) નુક્કડ (૧૧) જાનદાર (૧૩) રમખાણ (૧૪) રબ (૧૭) લોંઠ (૧૯) સમજૂતી (૨૨) જીગરજાન (૨૩) ખાલી

**ઊભી ચાવી :-** (૧) છાપખાનુ (૨) તીરા (૩) યામ (૪) વ્યથા (૬) કલદાર (૮) રબર (૧૫) કલોંજી (૧૬) તાજ (૧૮) છગ (૧૯) સજા (૨૦) મન (૨૧) તિખા



**બાયડના જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો**

બાયડ તાલુકાના જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જીતપુર અને આજુબાજુના ગામડાના ૩૦૦ જેટલા દર્દીઓને સારવારની સાથે દવાઓનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં બાયડના નામાંકિત તબીબોએ સેવાઓ આપી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારી જે.એન. શાહ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી કેમ્પનો લાભ ગરીબ દર્દીઓને અપાવ્યો હતો. (તસવીર : બાબુભાઈ પટેલ)

# મહેસાણામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી

મહેસાણા, તા.૧૧

મહેસાણા શહેર સહિત જિલ્લામાં વધતા જતા ગંભીર પ્રકારના ગુનાઓને અટકાવામાં તેમજ નોંધાયેલ આવા ગુનાઓના ભેદ ઉકેલવામાં જિલ્લા પોલિસ તંત્ર નિષ્ફળ નિવડતા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

મહેસાણા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી પોલીસની નિષ્ક્રિયતાને કારણે નાની મોટી ઘરફોડ ચોરીઓ, વાહનચોરી, કેબલચોરી, લુંટ વગેરે મિલકત વિરૂધ્ધના તેમજ શરીર સંબંધી, સ્ત્રી સંબંધી ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે. આવા ગુનાઓને અટકાવવા માટે પોલીસ તંત્ર તરફથી અસરકારક પગલાં ભરાતાં નથી. મહેસાણા શહેર સહિત જિલ્લાના કેટલાક પોલીસ મકાનોમાં મિલકત વિરૂધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના કેટલાયે ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટા ભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. વધુમાં જિલ્લામાં દારુ, જુગાર તેમજ અન્ય અસામાજીક બદીઓને નેસ્ત નાબૂદ કરવા માટે તંત્ર તરફથી કોઈ ઠોસ કદમ ઉઠાવવામાં આવતા નથી. પરીણામે આવી ગેરકાયદે બદીઓ ચાલી રહ્યાનું કહેવાય છે.

જિલ્લાના કેટલાક પોલીસ મથકોમાં નાગરિકોની ફરિયાદો નોંધવામાં અખાડા થતા હોવાનું કહેવાય છે. નોંધાયેલ ગુનાની તપાસમાં શું પ્રગતિ થઈ છે? તે અંગે ફરિયાદીને જાણ કરવામાં આવતી નથી બીજુ એટીએમ માંથી નાણાં ઉઠાવી જવાના કિસ્સામાં તપાસ કરનાર અધિકારી દ્વારા ખંત કે મહેનતથી તપાસ થતી નથી. પરિણામે આવા ગુનાઓના ભેદ ઉકેલાતા નથી. જિલ્લાના પોલિસ તંત્રમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી ગયું હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે.

# મેઘરજના અદાપુરકંપાના ખેડૂતે રોયલ ટ્રીનું વાવેતર કર્યું

ઈસરી, તા.૧૧

મેઘરજ તાલુકાના અદાપુર કંપામાં એક પ્રતિષ્ઠિત ખેડૂતે પોતાની આગવી કોઠાસૂઝથી ખેતી ક્ષેત્રમાં રોયલ ટ્રીનું વાવેતર કરી અનોખી રાહ ચીંધી છે. અદાપુર કંપાના ભૂમિપુત્ર પટેલ શાંતિભાઈ રામજીભાઈ દ્વારા પોતાના ખેતરમાં ૩ વીઘામાં રોયલ ટ્રીનું વાવેતર કરવામાં આવ્યું છે. શાંતિભાઈના જણાવ્યા અનુસાર તેમણે પોતાના ૩ વીઘાના ખેતરમાં ૭૦૦ નંગ છોડવાનું રોપણ કર્યું છે અને રોપણ કરેલા આ વૃક્ષોને તૈયાર થતાં ૪ થી ૫ વર્ષ જેટલો સમય લાગે છે અને આટલા સમય બાદ આ વૃક્ષો ૩૦ ફૂટથી વધુ ઊંચા બની જાય છે અને તેનો ઉપયોગ પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીઝમાં વિનિયર તરીકે અને



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

તેના પાનનો ઉપયોગ કીટનાશક રસાયણ બનાવવામાં થતો હોવાથી વેચાણ કિંમત સારી મેળવી શકાય છે. રોયલ ટ્રીનું એક વાર વાવેતર કર્યા પછી ૪૦ વર્ષ સુધી દર ૪ વર્ષે આવક મેળવી શકાય છે. અંદાજે એક વિઘામાંથી દર વર્ષે ૧૫ લાખ જેટલી આવક મેળવી શકાય છે.

શાંતિભાઈ પટેલના જણાવ્યા અનુસાર એક વીઘા જમીનમાં રોયલ ટ્રી ઉગાડવાનો ખર્ચ અંદાજે ૫૦ હજાર રૂપિયા જેટલો આવે છે જેમાં એક વીઘામાં અંદાજે ૨૫૦ છોડવાઓ રોપવામાં આવે છે અને તેની માટે છોડ, દવા, ખાતર, પાણી તેમજ મજુરી મળી અંદાજે ૫૦ હજાર રૂપિયા ખર્ચ આવવાની સામે ૪ વર્ષે મબલખ રૂપિયા મળી રહે છે.

